## <u>આંક–        નીચે હુકમ</u>

The finding and in the case of conviction brief statements of the reasons therefor.

આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા આરોપી ચાર્જશીટ સાથે રજુ થતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડ્યા અંગેની ખાત્રી કરેલ, ત્યાર બાદ આરોપીએ કબુલાત પુરસીસ આપી તેઓ સામેનો ગુનો કબુલ હોવાનું જણાવે છે. ત્યાર બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ હેઠળ તેઓને તેઓ સામેનો ગુન્હાનો સારાંશ જણાવી તેઓને ગુનો કબુલ કરે છે કે બચાવ કરવા માંગે છે તે અંગે પ્રશ્ન પુછતાં આરોપીએ પોતાની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને તે સાથે ગુનો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપી ગુનો કરવા બંધાયેલ નથી તેમ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતા કબુલાતને વળગી રહેલ છે જે ન માનવાને કોઈ કારણ નથી.

આમ કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો તેની સ્વેચ્છીક કબુલાત તેજમ નામદાર વડી અદાલતનો ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા પુરતા અને વ્યાજબી કારણો હોય તો કેસના સંજોગો ધ્યાને લઈ કાયદામાં કરેલ જોગવાઈથી ઓછી સજા અને દંડ કરી શકાય છે. હાલના કેસના સંજોગો તથા રેકર્ડ જોતા આરોપીને જો કાયદા અનુસાર સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારોના સંપર્કમાં આવેતો તેના જીવન ઉપર વીપરીત અસર થાય તેમ છે તેમજ આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તેઓનો આ પ્રથમ ગુનો છે 0 અને ગુનો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ આરોપીની સામાજીક આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ આરોપીને પુરેપુરી સજા નહી કરતા ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ સચવાય તેવું જણાતું હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છુ.

## :: <u>આખરી હુકમ</u> ::

– ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે આ કામના આરોપીને પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ ના ગુના માટે તકસીરવાન ઠરાવી **રૂા. ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણ સો પુરા )** નો દંડ ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ– ૧૩ / ૦૫ /૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભળાવી માં જાહેર કર્યો.

સ્થળ – ગઢડા

તારીખ– ૧૩ / ૦૫ /૨૦૨૩

( આર.એલ.ત્રિવેદી)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગઢડા, જજ કોડ જીજે. ૦૦૫૬૨